**કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આ.કૃ.યુ., સણસોલી ખાતે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ યોજના અંતર્ગત કૃષિ સખી/ વીલીંગ ફાર્મર માટે ૧૨ દિવસિય તાલિમનો બારમો દિવસ તારીખ: ૩૦-૦૧-૨૦૨૬ ના રોજ**

**પ્રાકૃતિક કૃષિ તાલીમનો કાર્યક્રમ યોજાયો.**

કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, સણસોલી, તા.મહેમદાવાદ જી.ખેડા ખાતે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ યોજના અંતર્ગત ૪ ગામના વીલીંગ ખેડુતો માટે તા. ૩૦-૦૧-૨૦૨૬ ના રોજ ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ તાલીમનો કાર્યક્રમ થયો. તેમાં ગલતેશ્વેર તાલુકાના બૈડપ, માહી ઈંટાડી , જરગાલ, અને પાલૈયા ગામ ના કુલ ૧ ૬૭ ખેડૂતોએ ભાગ લીધો. ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તે માટે કેંદ્ર સરકારે નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ શરૂ કરેલ , તેના ભાગરુપે પ્રાકૃતિક કૃષિ તાલીમના ત્રીજા તબ્બક્કાનો સણસોલી ખાતેથી પ્રારંભ થયેલ છે. આ પ્રસંગે કેન્દ્રના સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ વડાશ્રી ડૉ. ડી. બી. પ્રજાપતિ તથા ડૉ. ભરત એન.ઠક્કર , મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી , કાર્યક્રમની શરૂઆત ભારતીય સંસ્કૃતિ મુજબ સ્વાગત પ્રવચન કરી પ્રાકૃતિક ખેતીની જરૂરીયાત રજુ કરીને શરૂ કરવામાં આવ્યો.

ડૉ. ડી. બી. પ્રજાપતિએ નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ પર પ્રસ્તાવના , પરીચય તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા બહાર પાડેલ દિવેલા અને શાકભાજીની જુદી જુદી જાતો તેમજ બિયારણ ઉપલબ્ધિ વિશે અને વધુમાં પ્રાકૃતિક કૃષિના સિંધ્ધાતો અને જમીનની ફળદ્રુપતાનુ મહત્વ અને જમીનની હાલની ચિતાઓની માહિતી આપેલ હતી . શ્રી શિવમ પટેલ , સાખેજ દ્વારા જૈવિક ખતરોથી કાર્બન અને જમીનની જાળવણીની માહિતી આપી અને ડૉ. ભરતભાઇ એન. ઠક્કરે પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો અને મુલ્યવર્ધન પર માહિતી આપેલ અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતોના પ્રશ્નોનુ નિરાકરણ કરેલ તેમજ રૂબરૂમાં જીવામૃત તૈયાર કરી તેને વાપરવાની પદ્ધતિ વિશે માહિતી આપી.

સદરહુ તાલીમ કાર્યક્રમમાં ગડતેશ્વેર તાલુકાના જિ.ખેડાના બૈડપ, માહી ઈંટાડી, જરગાલ, અને પાલૈયા ગામોના સરપંચશ્રીઓ, કૃષિ સખી અને વીલીંગ ફાર્મર તેમજ સર્વ સણ સોલીના સ્ટાફ દ્વારા ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો અને પ્રાકૃતિક ખેતી અભિયાન અંતર્ગત કેન્દ્રના વડાશ્રી ડૉ. ડી. બી. પ્રજાપતિ દ્વારા વ્યસન મુક્તિનો અને પ્લાસ્ટિક મુક્ત ભારત કરવા સંકલ્પ કરાવ્યો અને ડૉ. બી. એન. ઠક્કર , દ્વારા પ્રાકૃતિક ખેતી કરવાનો શપથવિધિ સંકલ્પ બાદ અને આભારવિધિ કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો.









કેન્દ્રના વડાશ્રી ડૉ. ડી. બી. પ્રજાપતિ સહ સંશોધન વૈજ્ઞાનિક અનેયુનિટ અધિકારી અને ડૉ. ભરતભાઈ એન.ઠકકર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાત્રી આ.કૃ.યુ., સણસોલી













**કેન્દ્રના વડાશ્રી ડૉ. ડી. બી. પ્રજાપતિ સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી એવ્યસન મુક્તિનો અને પ્લાસ્ટિક મુક્ત ભારત કરવા સંકલ્પઅને ડૉ. ભરતભાઈ એન. ઠક્કર મદદનીશ વિસ્તરણ શિક્ષણશાત્રી, આ.કૃ.યુ., સણસોલી પ્રાકૃતિક ખેતી કરવાનો શપથવિધિ સંકલ્પઅને નિદર્શન કરાવેલ.**